# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 16/08/2025** **Morning : 7.10 to 7.20**
**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **રાજ્યની જેલોમાં કેદ બંદીવાનોના સંતાનોને પ્રોત્સાહન આપવા "વિકાસદીપ" યોજનાની જાહેરાત**
2. **દ્વારકા સહિત રાજ્યના વિવિધ કૃષ્ણમંદિરોમાં આજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી.**
3. **રાજ્ય સહિત દેશભરમાં 79મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી.**
4. **NFSUએ "ભારત માતાના વીરપુત્રોને એક પત્ર" નામથી રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું**
5. **ઉત્તર, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી**

------------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PRISONERS - BENEFIT

રાજ્ય સરકારે જેલોના બંદીવાનોના બાળકો તથા વયસ્ક બંદીવાનો માટે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. બંદીવાનોના સંતાનોને સ્પર્ધાત્મક પરીક્ષા તેમજ રમત ગમત ક્ષેત્રે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ સાથે "વિકાસદીપ" યોજનાની જાહેરાત કરવામાં આવી છે.

**(વોઇસ કાસ્ટ: જયેશ પટેલ)**

*સ્પર્ધાત્મક પરીક્ષામાં પ્રિલિમિનરી પરીક્ષા પાસ કરવા બદલ 5 હજાર એક, મુખ્ય/લેખિત પરીક્ષા પાસ કરવા બદલ 10 હજાર એક અને અંતિમ પસંદગી અને નિમણુંક બદલ 15 હજાર એક રૂપિયાનું ઇનામ બંદીવાનના બાળકોને અપાશે. આ ઉપરાંત રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે રમત-ગમત ક્ષેત્રે વિજેતા બાળકોને પણ રોકડ ઇનામ, ટ્રોફી અને ચંદ્રક અપાશે. વૃદ્ધ તથા બીમાર બંદીવાનોને અલગ બેરેક, કેરટેકર તેમજ દવાખાનામાં અગ્રિમતા સહિતની સુવિધા આપવા પણ વિશેષ નિર્ણય લેવાયો છે. આ ઉપરાંત જેલ અધિકારીઓ અને કર્મચારીઓના બાળકોને પણ સ્પર્ધાત્મક પરીક્ષાઓ તથા રમતગમત ક્ષેત્રે સફળતા માટે પણ ઇનામ-પુરસ્કાર અપાશે.*

*જયેશ પટેલ આકાશવાણી સમાચાર અમદાવાદ*

# JANMASHTAMI

દ્વારકા સહિત દેશના વિવિધ કૃષ્ણમંદિરોમાં આજે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાશે.

આજે નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયાલાલ કી, ના નાદ સાથે દ્વારકાધીશ મંદિર, ડાકોર અને શામળાજી સહિતના મંદિરો ગૂંજી ઉઠશે. જન્માષ્ટમી પ્રસંગે દ્વારકા જગત મંદિરને આજે વિશેષ રીતે શણગારવામાં આવ્યું છે.

આજે વહેલી સવારે શ્રીજીની મંગળા આરતી કરવામાં આવી. ત્યારે અનેક ભાવિકો ભગવાનના દર્શનનો લ્હાવો લીધો. મંદિરમાં આજના કાર્યક્રમો અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિ કરણ જોશીનો અહેવાલ...

(વોઇસ કાસ્ટ : કરણ જોશી)

## GOVERNOR AT HOME

સ્વતંત્રતા પર્વની સાંજે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની અધ્યક્ષતામાં ગાંધીનગરમાં રાજભવન ખાતે એટ હોમ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી દેવવ્રતે જણાવ્યુ, છેલ્લા એક દાયકામાં ભારતે સંરક્ષણ, માળખાગત સુવિધા, વિજ્ઞાન, ટેકનોલોજી, કૃષિ અને ઉદ્યોગ ક્ષેત્રે અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી છે.

તેમણે સ્વતંત્રતા સંગ્રામના વીરોના બલિદાનને શ્રદ્ધાંજલિ આપી કહ્યું, **1857** થી 1947 સુધી, દેશની સ્વતંત્રતા માટે હજારો નામી-અનામી ક્રાંતિકારીઓએ પોતાનું સર્વસ્વ બલિદાન આપ્યું હતું.

શ્રી દેવવ્રતે સ્વદેશી વસ્તુઓ અપનાવી દેશને આર્થિક રીતે મજબૂત બનાવવામાં સહભાગી બનવા અનુરોધ કર્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

## INDEPENDENCE DAY CELEBRATIONS-1

રાજ્ય સહિત દેશભરમાં 79મા સ્વાતંત્ર્ય પર્વની ગૌરવભેર ઉજવણી કરવામાં આવી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં પોરબંદર ખાતે રાજયકક્ષાની ઉજવણી કરવામાં આવી. આ ઉપરાંત વિવિધ જિલ્લામાં કેબિનેટ અને રાજ્યકક્ષાના મંત્રીઓની હાજરીમાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવાયું.

સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા ખાતે કલેકટરની અધ્યક્ષતામાં "સ્વતંત્રતા પર્વ"ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટરે રાષ્ટ્રધ્વજ ફરકાવીને, સલામી આપી પરેડનું નિરીક્ષણ કર્યું.

સાંભળીએ એક અહેવાલ...

(વોઇસ કાસ્ટ : દિનેશ પરમાર, સુરેન્દ્રનગર)

ડાંગ જિલ્લાના આહવામાં જિલ્લા કલેકટરે પરેડનું નિરીક્ષણ કરી ડાંગના વિકાસની રૂપરેખા વર્ણવી. આ અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિ મુનિરા શેખનો અહેવાલ..

<u>(વોઇસ કાસ્ટ : મુનિરા શેખ, ડાંગ)</u>

છોટા ઉદેપુરમાં થયેલી જિલ્લા કક્ષાની ઉજવણી અંગે સાંભળીએ અમારા પ્રતિનિધિનો અહેવાલ..

<u>(વોઇસ કાસ્ટ : રાજેશ રાઠવા, છોટાઉદેપુર)</u>

આણંદમાં જિલ્લાકક્ષાની ઉજવણી દરમિયાન જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જણાવ્યુ, ઓપરેશન સિંદૂર એ માત્ર સૈનિક કાર્યવાહી નહોતી, પરંતુ ભારતની ઈચ્છાશક્તિ, રાષ્ટ્રીયતાનો ઉદ્ઘોષ અને આતંકવાદ સામે શૂન્ય સહિષ્ણુતાનો સંકેત હતો.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## AIR FORCE MEDAL

કચ્છ જિલ્લાના ભુજ એરફોર્સ સ્ટેશનમાં ફરજ બજાવતા ગ્રુપ કેપ્ટન રાકેશકુમાર યાદવને રાષ્ટ્રપતિ દ્વારા વાયુસેના મેડલની જાહેરાત થઈ છે.

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે કે આ સન્માન ભારતની આતંકવાદ વિરોધી તાજેતરની સૌથી મહત્વપૂર્ણ કાર્યવાહી 'ઓપરેશન સિંદૂર'માં આપેલા શૌર્યપૂર્ણ અને નિર્ભીક યોગદાન બદલ પ્રાપ્ત થયું છે.

ભુજ એરફોર્સ સ્ટેશનના ગ્રુપ કેપ્ટન રાકેશકુમાર યાદવને આ સન્માનથી સમગ્ર કચ્છ જિલ્લામાં ગર્વ અને ઉમંગની લાગણી પ્રસરી છે. ઓપરેશન સિંદૂર દરમિયાન કચ્છના આકાશી સીમાડાઓના રક્ષણ માટે એરફોર્સે ખૂબ જ મહત્વપૂર્ણ જવાબદારી નિભાવી હતી.

## NFSU CAMPAIGN

રાષ્ટ્રીય ન્યાયસહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય-NFSU 17 સપ્ટેમ્બર સુધી "ભારત માતાના વીરપુત્રોને એક પત્ર" નામથી રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું.

આ અભિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે પૂર્ણ થશે. રાષ્ટ્રવંદના અભિયાનના ભાગરૂપે NFSUના વિદ્યાર્થીઓ રાજભાષા હિન્દીમાં સૈનિકો અને શહીદોના પરિવારોને હસ્તલિખિત પત્રો લખશે, જેમાં દેશ પ્રત્યેની તેમની અતૂટ સેવા બદલ કૃતજ્ઞતા વ્યક્ત કરાશે.

આ અભિયાન અંતર્ગત દેશભરના સૈનિકોને સાત હજાર 500 પત્રો મોકલવામાં આવશે, જ્યારે 75 ખાસ પસંદ કરેલા સંદેશાઓ 75 ફૂટ ઊંચા "વીરાંજલી સ્તંભ" પર પ્રદર્શિત કરાશે, જે કાયમી કૃતજ્ઞતા અને દેશભક્તિના ગૌરવનું પ્રતીક બની રહેશે.

# GUJARAT RAIN

કેટલાક દિવસના વિરામ બાદ રાજ્યમાં ફરી વરસાદનો નવો રાઉન્ડ શરૂ થયો છે. ગઇકાલે જુનાગઢ, અમરેલી, ગોંડલ, બનાસકાંઠા બાદ અમદાવાદમાં વરસાદ પડ્યો.

અમરેલીના ધારીમાં ભારે વરસાદને કારણે શેત્રુંજી નદીમાં પાણીની વધુ આવક થઈ. મોરબી જિલ્લાના વાંકાનેરમાં બે કલાકમાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

દ્વારકા અને કચ્છ જિલ્લાના અબડાસા નખત્રાણા અને લખપતમાં પણ વરસાદ વરસ્યો હતો.

# WEATHER FORECAST

આગામી સાત દિવસ રાજ્યના જુદા જુદા ભાગોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. 18 થી 20 ઓગસ્ટ દરમિયાન હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

રાજ્યમાં આજથી વરસાદનું જોર વધવાની સંભાવના છે. આજે નવસારી અને વલસાડમાં અતિભારે જ્યારે ઉત્તર ગુજરાતમાં પાટણ સિવાયના તમામ અને પૂર્વ મધ્ય ગુજરાત તથા સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં આજે ભારે વરસાદની શક્યતા છે.

ત્યારે 18 થી 20 ઓગસ્ટ દરમિયાન માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી હોવાનું હવામાન વિભાગના નિયામક ડો.એ.કે. દાસે જણાવ્યુ.

(બાઇટ : ડો.એ.કે. દાસ, નિયામક, હવામાન વિભાગ)

## PORBANDAR DEATH

પોરબંદરમાં વીજશોક લાગતા કિશોરનુ મોત થયું છે. નરસંગટેકરી રેલવે ફાટક પાસે આવેલી ગેરેજમાં કામ કરતી વખતે બોર્ડમાંથી પ્લગ કાઢવા વીજશોક લાગતા ઘટના બની હતી. આ બનાવને લઈ મૃતકના પરિવારજનોમાં શોકનુ મોજુ ફરી વળ્યુ હતુ.

## PENSION ADALAT

પેન્શનને લગતા પ્રશ્નોના નિરાકરણ માટે ગુજરાત વર્તુળ ,અમદાવાદ ખાનપુર ખાતે 26ઓગસ્ટ મંગળવારે સવારે 11 વાગ્યે પેન્શન અદાલતનું આયોજન કરાયું છે.

આ અદાલતમાં નીતિવિષયક મુદ્દાઓ સિવાયના પોસ્ટલ પેન્શનને લગતા મુદ્દાઓ સંબંધિત ફરિયાદોનો નિકાલ કરવામાં આવશે. પેન્શન

સંબંધિત ફરિયાદો આસિસ્ટંટ ડાયરેક્ટર પોસ્ટલ સર્વિસીઝ-7, એકાઉન્ટ અને પેન્શન વિભાગ, મુખ્ય પોસ્ટ માસ્ટર જનરલની કચેરી ગુજરાત વર્તુળ, ખાનપુર અમદાવાદ ખાતે 19 ઓગસ્ટ સુધી મળી જાય તે રીતે મોકલવાની રહેશે. નિર્ધારિત સમય બાદ મળેલ ફરિયાદ ધ્યાનમાં લેવાશે નહિ.

---